વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૨ : અંક - ૯-૧૦ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : એપ્રિલ ૨૨, મે ૬, ૨૦૨૪

# આકરી ગરમી, ગરમી, ગરમી !
# ગરીબ, બહેનો, કામદારો !

આકરી, અચાનક અને અત્યંત ગરમી વધતી જાય છે ત્યારે ગરીબો, કામદારો અને બહેનો ઉપર શું અસર પડે છે તે કદાચ સમાજ અને અર્થતંત્રની નજર બહાર જાય છે ? ચાર રસ્તે લાલ બત્તીથી ત્રણ મીનીટ રોકાયેલા વાહનોમાં બેઠેલા માટે છાંયો થાય તેવા શામિયાના બંધાય છે પરંતુ રોજેરોજ, સવારથી સાંજ મહેનત કરી રસ્તા પર શાકભાજી કે કપડાં વેચતી બહેનો  કે ખેતરમાં સીંચાઈ માટે ખોદકામ કરતી બહેનો કે, મકાનો અને રસ્તા બાંધતી બહેનો માટે છાંયો કરવાનું વિચારવાનું હજી શહેર, શહેરીજનો અને સૌ નાગરિકો માટે બાકી છે.

'સેવા'ની હજારો સભ્ય બહેનો ઉપર ૨૦૨૪ના ઉનાળામાં આકરી ગરમીની ખૂબ અસર થઈ. પોતાના મેળે પોતાના પગ ઉપર ઉભા રહી પોતે રસ્તા કાઢ્યા, સાથે મળી અને સંગઠિત થઈ રસ્તા કાઢ્યા તેની વાત વિગતવાર આ અંકમાં લીધી છે. સૌએ સાથે મળી, સમાજે, શું પગલાં લેવા તે પ્રશ્નો અહીં નીચે રજૂ કરીએ છીએ.

શું ગરીબ કામદાર બહેનો પર કેવી અને કેટલી ગરમીની અસર થાય છે તે ધંધાવાર, મજુરી પ્રમાણે અને સર્વિસ પ્રમાણે વ્હાઈટ પેપર ન થાય ? ગરમી અને તેથી થતી માંદગીથી થતી આપત્તિના રાહત પ્લાન શહેરે શહેરે, જિલ્લે જિલ્લે અને ધંધે ધંધે ન થઈ શકે ? શું ગરમીની અસરથી સ્વાસ્થ્ય અને રોજી કેમ બચાવવા અને વધારવા તે માટે તાલીમ અને તકો ન આપી શકાય ? આ માટે રાષ્ટ્રીય ફંડ ઉભું ન થાય ? દરેક બહેનને વીમાથી ન સાંકળી લેવાય ? કારમી ગરમીથી દવાખાનામાં  નાગરિકો મરે છે તેના આંકડા મળે છે પરંતુ જે બહેનો કે તેનો પરિવાર દવાખાના સુધી નથી પહોંચતા અને જાન ગુમાવે છે તેમના આંકડાં ? દર વર્ષે ગરમીની રોજગાર પર અસરનો રિપોર્ટ સરકાર ન આપી શકે ? ખાસ કરીને ગરીબ બહેનોના કામ પર પડતી અસર ? આકરી ગરમી આપણાં જ કામોનું પરિણામ છે, સમાજની લાપરવાહીનું. કારણ કે આપણે કુદરત અને પર્યાવરણના ભોગે વિકાસ કરી લેવો છે. જેમ વધુ ગ્રીન હાઉસ ગેસ અયનમંડળમાં ભરાય છે તેમ કાળઝાળ ગરમી અને તાપ વધે છે. વારંવાર, વધુ અને વધુ પ્રમાણમાં અને લાંબા ગાળા માટે ગરમી આકરી થાય છે. ભૂલશો નહીં કે કાળઝાળ ગરમીથી વધુ અને વધુ લોકો માંદા પડશે અને મરણ પામશે. રોજી ઘટશે અને ધંધા બંધ થશે. ત્યારે છાંયો કરીશું કોને ?

❑

# ગાંધીનગર જિલ્લામાં હિટવેવની અસરના પ્રશ્નોની ચર્ચા જોરશોરમાં

આ વર્ષે ગરમીનો પારો હદ વટાવી ગયો. ગાંધીનગર જિલ્લાના ગામ હોય કે, શહેર ગરમીની કાળઝાળ અસર બધે વર્તાય છે. શ્રમજીવી બહેનોની રોજગારી પર આની માઠી અસર પડી. વાત છે ગામડાંના બહેનોની. વાત છે ખેતી અને પશુપાલન કરતાં સભ્યોની, ખેતમજૂર તરીકે કામ કરતા બહેનોની. ખેત કામદાર બહેનો કાયમ સવારના ૮ થી ૧૨ અને સાંજના ૩ થી ૬ ખેતરમાં કામ કરવા જતા હોય. જેના તેમને રોકડા રૂ. ૩૦૦/- મળે. હાલની ગરમીની પરિસ્થિતિમાં તેઓ સવારના ૭ થી ૯ બે કલાક જ ખેતરમાં કામ કરે એટલે કામના કલાક ઓછા તો સામે આવકમાં ૫૦ ટકાનો ઘટાડો થઇ જાય. જેના તેમને રૂ. ૧૫૦ મળે. રોજગારી પર સીધી અસર આ અત્યંત ગરમીની પડે. ખેતરમાં ભાગિયા તરીકે કામ કરતા હોય કે પોતાના ખેતરમાં મજૂરી કરતા હોય કે ભાડે દાડિયા લાવતા હોય તે તમામને આ ગરમીનો પ્રકોપ આવકમાં મજરે પડે. કાળઝાળ ગરમીમાં પૈસા વધારે આપીએ તોય કોઇ ખેતરમાં બપોરના તૈયાર ના થાય. ખેતરમા ખેડાણ હોય, પાણી વાળવાનું કામ હોય કે બીજું કોઇ કામ હોય કે થાય જ નહિ. અરે છાંયે ઉભા રહી નીલગાય ભગાડવાનું કામ કરવા પણ તૈયાર ન થાય.

પશુપાલનની વાત કરીએ તો, દર અઠવાડિયે દૂધનો પગાર થતો હોય. અંદાજે એક અઠવાડિયે રૂ. ૩૦૦૦ હોય. મહિનાની સરેરાશ ગણીએ તો, રૂ. ૧૦,૦૦૦થી ૧૨,૦૦૦ રોકડ થાય. ગરમીમાં આ રોકડ અડધી થઈ જાય. કેમ ? પશુઓ ગરમીમાં દૂધ ઓછું આપે, દૂધના ફેટમાં પણ ઓછા આવે. દૂધ ઓછું, ફેટ ઓછું એટલે આવક ઓછી. સીધો હિસાબ છે. તેમાંય પાછું ગરમીથી પશુધન બીમાર પડે તો તે ખર્ચો તો ખરો જ. રૂ. ૧૦,૦૦૦થી ૧૨,૦૦૦ની આવકની સામે માંડ રૂ. ૮૦૦૦ આવક મળે. ગરમીમાં ઘર ચલાવવું મુશ્કેલ પડે.

સૌથી માઠી અસર તો, ગાંભણ પશુને પડે. હાલના સંજોગોમાં ગાંભણ પશુ તરવાઇ (કસુવાવડ) થઇ જાય. આનું પ્રમાણ ગરમીમાં વધારે જોવા મળે. પશુ તરવાઇ જાય એટલે ૧૦ દિવસ બીમાર થઇ જાય અને દૂધ પણ ન આપી શકે.

ગામ ભૂતેશ્વરીમાં કમળાબહેન પુરષોત્તમભાઇ પરમાર અને ગામ મીઠાના મુવાડા લીલાબહેન જશવંતભાઇ ઝાલાની ભેંસો અત્યંત ગરમીથી મરણ પામી. તેમની સાથે વાત કરી તો જાણવા મળ્યું કે, ગરમીમાં ખેતી તો તપી જાય સાથે સાથે અમારું પશુધન પણ ગુમાવવાનો વારો આવે. ખેતી અને પશુપાલન પર ઘર ચલાવતા હોય તો બંને બાજુથી માર પડે. ખેતી, દૂધની આવક તૂટે, પશુધન હાથમાંથી જાય. ઘાસચારો સૂકો મળે તેનો ભાવ પણ બે ગણો વધારે આપવો પડે. પીવા પાણી પશુને ન મળે. વેચાતું લાવવાનું ?

હવે વાત કરીએ ગાંભણ પશુની. દહેગામ તાલુકાના કડજોદરા ગામનાં શાંતાબહેન ઝાલા, મીઠાના મુવાડાના જ્યોત્સનાબહેન પ્રવિણસિંહ ઝાલાની ગાંભણ ભેંસોના બચ્ચાં જન્મીને ગરમીના કારણે મૃત્યુ પામ્યાં. શું કરીએ ?

છૂટક મજૂરી કરતાં બહેનોની આવકમાં ઘટાડો થાય. વધારે ગરમી પડે એટલે લોકો ઘરની બહાર મજૂરી કરવા જાય નહિ. રસ્તા પર લારી ગલ્લાં પર વેચાણ કરતા હોય તો સવારના પહોરમાં ધંધો જાય. બપોરના ટાણે તો નવરાં ધૂપ જેવા. તેમાં તડકો તો આકરો. કોઇ ઘરાક કાંઇ લેવા આવે નહિ. ગરમીને કારણે ઝાડા ઉલટી, ઉનવા, પગમાં બળતરા, ચામડીમાં કળતર અને બળતરાની તકલીફો થઇ જાય. આરોગ્ય પર સીધી અસર પડે. ઊંઘ ઓછી આવે, મોડી આવે.

શાકભાજી ઉત્પાદન કરતા ખેડૂતોને વેલા પરનાં શાકભાજી તાપમાં તપી જાય એટલે એમના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે. જોઈએ એવો ભાવ પણ ના મળે. ઘણાં શાકભાજી તો સુકાઇ જાય. ફળ પાકી જાય અને બીજે દિવસે ઉતરી જાય. અમુક પાક તો ઉભાઉભ બળી જાય.

કાળઝાળ ગરમીમાં પશુઓને ઠંડક મળે તે માટે પાણીની વ્યવસ્થા ઘણાં ખેડૂતો કરતાં હોય છે તે પણ પૈસા આપીને પાણી લાવતા હોય. તેમ છતાં પશુ મરણ થતાં હોય છે. આવો જમાનો! પશુને પીવાના પાણીના કેરબા વેચાતા લાવીશું?

એકંદરે ગરમીમાં શ્રમજીવી બહેનો હોય, ખેડૂત હોય, ઉત્પાદનકર્તા હોય કે છૂટક મજૂરી કરતો વર્ગ હોય તે આ આકરી ગરમીની ઝપેટમાં આવી જ જાય. જેમાં તેમની રોજગારી, પશુધન કે ઉત્પાદન કરવાની ક્ષમતામાં દેખીતો ઘટાડો જોવા મળે છે. તેમનાં જીવનની ઠંડક ખોવાઇ જાય છે. ગરીબ કામદાર બહેનો માટે આકરી ગરમીનું ફંડ કરો ભાઈલા !

**- ગાંધીનગર જિલ્લો**

❑

## ગરમીની આકરી અસર

આકરી અસર રોજગારી પર પડે. હિટવેવથી તાપમાન વધારે ગરમ હોય છે. ગરમીના કારણે કામ ધંધો ઓછા કાં તો ઠપ થઈ જાય. ખેડૂતોને ખેતરમાં કામ પૂરતા પ્રમાણમાં થઈ શકતું નથી. આવકમાં ઘટાડો થાય છે. ગરમીને કારણે શરીરમાં બીમારી આવે અને આવક ઓછી થતી જાય. ધંધા રોજગાર પર જવાય નહિ. પશુપાલન કરતા હોય તો પશુ પણ ગરમીના કારણે દૂધ ઓછું આપે છે અને તેના કારણે પણ આવકમાં ઘટાડો થઈ જાય છે. આકરી ગરમીનું વળતર આપવાનું કાંઈ કરો!

આકરી અસર ઉત્પાદનના સાધનો પર પડે, તાપમાન વધતા ખેતરમાં પાકમાં પાણી લેવાથી પાકના મૂળિયા બફાઈ જાય છે, ફળ ફૂલ ખરી જાય છે જેથી ઉત્પાદન ઓછું થાય. મશીનરીથી ધંધો કરતા હોય તેવી સ્થિતિમાં તાપમાનના કારણે મશીન ગરમ થઈ જતા હોવાથી મશીન બંધ કરી દેવા પડે છે તે પણ ઉત્પાદનમાં ઘટાડો કરે છે. સાહેબની ગાડીમાં એરકંડીશનર હોય. અમારા ગાડાં અને ટ્રેક્ટરમાં ?

આકરી અસર ખાદ્ય ખોરાક પોષણ પર થાય છે. લીલા શાકભાજી પૂરતા પ્રમાણમાં મળતા નથી તેમજ જે મળે તે મોંઘા હોય છે. ઉતરેલાં હોય છે. કઠોળનું સેવન વધારે પ્રમાણમાં કરે છે. આવક ઓછી હોય એટલે પૌષ્ટિક ખોરાક કે શાકભાજી ખરીદી શકતા નથી. દૂધ માંડ મળે. પાતળી છાશનું સેવન વધારે કરે છે.

આકરી અસર સ્વાસ્થ્ય પર પડે. ખોરાક પૂરતા પ્રમાણમાં લઈ શકાય નહિ. તાપમાનના કારણે ચક્કર, ગભરામણ, બીપી વધી જવું, કોલેરા, ઝાડા ઉલટી, હાર્ટ એટેક, ચામડીના રોગો, પેશાબમાં બળતરા થાય, પગના તળિયામાં બળતરા, બ્રેઈન સ્ટ્રોક જેવી શારીરિક તકલીફો વધી જાય છે. ત્રાસી જવાય દિવસે અને રાતે. તાપમાન વધવાથી ઠંડી ચીજો ખાવાની અને ઠંડુ પાણી પીવાનું ચલણ વધી જતું હોય છે તેનાથી બીમાર પડવાની સંભાવના વધી જાય અને ક્યારેક જીવલેણ સાબિત થાય છે.

આકરી અસર બાળકો અને બાળ સંભાળ પર પડે. ગામડાંમાં પતરાવાળા મકાનો વધારે હોય તેમાં ગરમી વધારે લાગે. તેમાંય વીજળી વારંવાર જતી રહે. પંખાની હવા ગરમ હોય છે તેના કારણે બાળકો સૂઈ શકતા નથી, પૂરતો ખોરાક ના ખાય. નાનાં બાળકોમાં ગરમીને કારણે ખેંચ આવવાના કિસ્સા વધી જાય છે. બાળક બહાર રમવા જતું હોય તો લૂ લાગવી, ઝાડા ઉલટી જેવી બિમારીઓની ઝપેટમાં આવી જાય છે. મૂળ નબળાં શરીર, પોષણ અપૂરતું, અને વધારામાં આકરી ગરમીનો ઉનાળો.

આકરી અસર રહેઠાણ, પાણી, ગટર અને વીજળી કનેકશન પર સીધી અસર પડે છે. હીટવેવના કારણે ઘર ગમે તે હોય પણ અત્યંત તપી જાય. પાણીના તળ ઊંડા જતા રહે છે. ગટરોમાં ગરમીના કારણે બાફ વધવાથી દુર્ગંધ વધે છે. આજુબાજુ ગરમ જમીન ઠંડી કરવા પાણીનો છંટકાવ કરતા પાણીનો સરેરાશ વપરાશ વધી જાય છે. ઓવરલોડના લીધે વીજળીના સાધનો બળી જતા હોય છે તે પણ ખર્ચ વધી જાય છે.

મારું નામ અમરતબેન હર્ષદભાઈ પરમાર છે. હું સામરખાના દલાપુરા વિસ્તારમા રહું છું. સામાન્ય દિવસોમાં ખેડૂતોને મજુરી કરાવવાનો સમય ૮:૩૦ થી ૧૨:૩૦ નો હોય છે. હિટવેવના કારણે ૧૦ વાગ્યા સુધી અમારાથી કામ થાય છે તે કામ ખેડૂત ભાઈઓને પોસાતું નથી એટલે રોજગારી પર અસર પડે છે અને વધારાના સમયમા કામ કરવાથી અમને માથુ દુઃખે, ચક્કર આવે, શરીરમાં બેચેની લાગે, તેથી આ બધા કારણથી બીપી વધવાનો ભાગ બનીએ છીએ અને બીજુ કે આવી ગરમીમાં કામ કરીને ઘરે આવીએ એટલે પંખા કે કુલર ચાલુ કરીને સુઈ જઈએ છીએ એટલા માટે અમારે લાઈટ બિલનો ખર્ચો વધી જાય છે. ખેડૂતો પાકમાં દર ૧૦ દિવસે પાણી વાળે, હિટવેવના કારણે દર ૫ દિવસે પાકમાં પાણી વાળવું પડે છે. ગરમીમાં પાણીના સ્તર ઊંડા જાય એટલે પાક બળી જાય. ખર્ચામાં ખાડો એવું થાય આ તો...

અસરો તો ઘણી થઈ તેમાં સેવાએ સંગઠિત થઈને ગામનાં સભ્ય બહેનોને તાપમાન અંગે શિક્ષણ આપ્યું. રોજગાર સહાયનો વિમો લીધો. સેવા દ્વારા સેવા ટેલિમેડિસિનનો નંબર ગામોમાં આપ્યાં, જેનાથી તાત્કાલિક સારવાર અને ડૉક્ટરની સલાહ મળી શકે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ભૂમિકા બહેનોને સમજાવી.

સેવાએ તાપમાન વિમા શરૂ કર્યા છે. જેનાથી હીટવેવના દિવસોમાં રોજગારીની સલામતી ઊભી કરી પોતાની અને સભ્યની પણ. આ સેવાએ કર્યું તે સરકાર શરૂ કરે તો ? દરેક ગરીબ કામદાર બહેનને આકરી ગરમીનો વિમો !

**- આણંદ જિલ્લો**

❑

## આકરું તપે અમદાવાદ જિલ્લો

હિટવેવના કારણે બજારમાં લોકોની અવર-જવર ઓછી થઈ છે. ફળ-શાકભાજી, કરીયાણા વેચનાર સભ્યના ધંધામાં મંદી આવી છે. કીટલી બંધ. દાતણ બંધ. ફળની લારી બંધ. ખેતી અને પશુપાલન કરતાં સભ્યોમાં ખેત પદાશ અને દૂધ ઉત્પાદનમાં ઘટાડો થયો છે. હાલની સિઝનમાં પાક નીકળી જવાના કારણે ખેતમજૂરી ઓછી મળે. ગરમીના કારણે કામના કલાક ઘટતા રોજગારી ઘટી છે. ખેતમજૂરીનું કામ હાલ ઓછું જોવા મળી રહ્યું છે તો તેના કારણે ખેતમજૂરોની આવક પર સીધી અસર જોવા મળી છે. અને જેને પણ અડધા દિવસની મજૂરી મળે છે તેને આવક અડધી મળે છે. જેથી તેના રોજીંદા જીવન વ્યવહાર પર અસર જોવા મળે છે. ખેડૂતોનું ઉત્પાદન ઘટી રહ્યું છે જેથી બજારની માંગ મુજબ પુરવઠો ઓછો પડે છે અને જેટલો પુરવઠો છે એના ભાવ ઓછા મળવાના પ્રશ્નો રહે છે. તેથી ખેડૂતના જીવન ધોરણ પર આવકની સીધી અસર જોવા મળે છે. ગરમી વધુ, આવક ઓછી. ગરમી વધુ, બચત ઓછી. ગરમી વધુ, ખર્ચા વધુ. પશુઓમાં બીમાર થવાના અને દૂધ ઉત્પાદનમાં ઘટાડો થવાના પ્રશ્નો વધી રહ્યા છે. ખેતીમાં વધારે ગરમીથી પિયતની સંખ્યા વધે છે. જેથી આવક કરતાં ખર્ચ અને મહેનત વધવાની શક્યતા રહે છે. ઉત્પાદન પર અસર પડે છે અને પાક બળી જાય છે. શાકભાજી ઉગાડેલ હોય તો વધારે ગરમીથી બળી જવાનો. બજારમાં પૂરતા શાકભાજી મળતા નથી. વધારે તીખું અને તળેલું ખાવાથી પેટમાં ભરાવો, એસિડિટી, ગેસ, છાતીમાં દુખાવો થાય છે. બહેનો અને બાળકોમાં ઝાડા-ઊલટીના પ્રશ્નો વધે છે. ખેતીકામ કરતા સભ્યોમાં હાથ પગના દુખાવા અને માથું ભારે લાગે છે. કપાળ બળે. લમણાં લપકા લે. બાળકોમાં વધારે ચીડિયાપણું આવે છે જેથી તેનામાં માનસિક અને શારીરિક તકલીફો જોવા મળે છે. ગામડાઓમાં ખુલ્લી ગટરોના પાણી ઉભરાવવાથી ગંદી વાસથી ખાંસી, તાવ, શરદી, મરડો, કોલેરા, ચક્કર આવવા અને શ્વાસોશ્વાસમાં તકલીફો થાય છે. અત્યંત ગરમીના કારણે વારંવાર વીજળીમાં કાપ મુકાવાથી ઘરમાં રહેવું મુશ્કેલ બને છે. બહેનોને માર્ગદર્શન આપ્યું જેમ કે ઘરની છત પર સફેદ ચૂનો કરાવો જેનાથી ઘરમાં ઠંડક રહે. ઘરની છત પર પાન જેવી વનસ્પતિ પાથરવી જેથી ગરમીનું પ્રમાણ ઓછું થાય અને ઘરમાં ઠંડક રહે. ગામના આગેવાન તેમજ આશાવર્કર બહેનો સાથે સંકલન કરીને બાળકોને ORSના પેકેટ વિતરણ કરાવવામાં મદદ અને સાથે પાણી ભરેલા માટીના માટલા ગામની પાદરે મુકવા જેથી આવનારા વ્યક્તિને પાણી મળી રહે અને રાહત મળે. પશુઓને હવા ઉજાસવાળું રહેઠાણ બનાવતા થયા છે ને સમયસર રસીકરણ કરાવે છે. ગામની બહેનો પોતાના બાળકોને છાંયડામાં રમે તેવા આગ્રહો કરતા થયા અને સાથે પોતાના બાળકોને ગરમીના લીધે બીમાર ના થાય તેની ખાસ કાળજીઓ લેતા થયા છે. પહેલા ગામમાં બીમારીના સમયે ઘેર રેહવાનું પસંદ કરતા હતા ને હવે તેઓ જો કોઈને આકરા તાપ સમયે બીમારી આવી હોય તો તેઓ PHC સેન્ટર પરથી દવાઓ લાવતા થયા છે.

**- અમદાવાદ જિલ્લો**

❑

## છાંયો કરો... છાંયો કરો...

પાટણ અને બનાસકાંઠા જીલ્લાના ગામો મુખ્યત્વે પશુપાલન પર નિર્ભર છે. હિટવેવને કારણે દૂધનું ઉત્પાદન ઘટતા તેમની રોજગારી ઉપર ૩૦% થી ૪૦ %નો ઘટાડો થયો. ખેતી કામમાં, ગરમી વધતા વધુ પિયત આપવાથી વીજળીનું બિલ વધુ આવવાથી આવકમાં ૪૦% ઘટાડો થયો. જયારે ગામમાં ચાલતી અન્ય મજૂરી પણ ઓછી થઈ. જેમાં ખેતીકામ, કડિયાકામ, ગામમાં ચાલતી દુકાનોનું વેચાણ, ફેરિયાઓનું વેચાણ વગેરેનો સમાવેશ થાય છે. ઉનાળુ પાકનું વાવેતર ઓછું થયું, જયારે ખેતીકામમાં ખેડ માટે ટ્રેકટર જેવા સાધનોમાં ડીઝલનો વપરાશ વધ્યો. વધારે ગરમીના કારણે સવારનો રાંધેલો ખોરાક જલ્દીથી બગડી જાય છે, પોષક આહારની ગુણવત્તા ઘટી જાય છે. 'સેવા'ના આગેવાન પુરીબહેનના જણાવ્યા અનુસાર એપ્રિલ માસના અંતમાં દાત્રાણા ગામમાં સાનુબહેન હમીરભાઇ આહીરને મગજમાં ગરમી ચડી જવાથી મુત્યુ થયું. સંગઠનની વાત કરીએ તો, જાખોત્રા ગામમાં આરોગ્યના દવાખાનામાં સ્ટાફ ન હતો તે માટે સભ્ય બહેનોએ સંગઠિત થઈને રજૂઆત કરતા નવા સ્ટાફની નિમણૂંક કરી. જાખોત્રા ગામમાં લાઈટની ડીપી બળી જતા ઇલેક્ટ્રીકસીટી ઓફિસમાં રજૂઆત કરતા નવી ડીપી નાખી. વૌવા ગામમાં પાણીનો ટાંકો ઘણા સમયથી થયેલ ન હતી તે 'સેવા' કારોબારીના સભ્યો દ્વારા રજૂઆત કરતા સફાઈ કરાવી. હિટવેવ અંગેના શિક્ષણમાં ''સ્વચ્છ આકાશ''માં તાલીમ લીધેલ હોઈ લઈને ગ્લોબલ વોર્મિગ, ક્લાઈમેટ ચેન્જ અંગેની જાગૃતિ વધી. પાટણ અને બનાસકાંઠાના ગામોના સભ્યોએ ગરમીથી બચવા વધુમાં વધુ ૧૪,૨૪૩ છોડનું પ્લાન્ટેશન કર્યું. પાટણના ગામેગામ છાંયો કરવાની તૈયારી ચાલે છે. દરેક બહેન પાંચ ઝાડ વાવે તેવું આયોજન કર્યું.

**- પાટણ જિલ્લો**

## તડકા નમો, તડકા તમો

મહેસાણા જિલ્લામાં ખેતમજૂર અને પશુપાલન બહેનોનું સંગઠન છે. છેલ્લા ૩ વર્ષથી ગરમીનું પ્રમાણ વધારે જોવા મળે છે જેમ કે ૩૩ ડીગ્રી તાપમાનથી ૪૪ ડીગ્રી તાપમાન સુધીની ગરમી પડી છે. તેના કારણે વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો છે. ગામમાં કામના સમયનો ફેરફાર, ૩ કલાક સાધનો બંધ રહે, ખેતર વહેલા જાય તેમજ દુકાન ગલ્લા પણ બંધ રાખે છે તેના કારણે રૂ. ૨૦૦ થી ૩૦૦ની રોજગારી પર અસર જોવા મળે, શાળાનો સમય સવારનો થઇ જાય. ગરમીના લીધે નાનાં બાળકો ઘરમાંને ઘરમાં રહેતા હોવાથી મોબાઈલનો ઉપયોગ વધારે કરે. પશુઓને ઢાળીયું બાંધીને પૂડા, ચાંદરું, લીલીનેટ કે પતરા બાંધે છે. સેવામાં વેલનેસનું કામ ચાલે છે તેની જિલ્લામાં સભ્યોને તાલીમ આપીએ, પોસ્ટર-પત્રિકા દ્વારા જાગૃત કરીએ, ટેક્નોલૉજી દ્વારા માહિતી આપીએ છીએ. વધુ ગરમીના કારણે કામગીરીના સમયમાં પૂરતું કામ ન કરી શકાય તેમજ અમુક ખેતી કામો ગરમીના કારણે ઓછા થાય તેનાથી છૂટક મજુરી મળતી ઓછી થઈ છે. હિટવેવથી બચવા માટે તેની તાલીમોમાં જોડાયા, પાણીનો ખપ પૂરતો ઉપયોગ, ખોરાકમાં સાવચેતી વગેરે અત્યંત ગરમી સામે થવાના મુદાઓને ગામડાંની બહેનો સુધી પહોંચતા કર્યા.

**- મહેસાણા જિલ્લો**

## સમજો અને સમજાવો આ આકરી ગરમી

હિટવેવ એટલે દિવસે ને દિવસે વધતું જતું તાપમાન અને જેની સૌથી વધારે અસર ગરીબ શ્રમજીવી બહેનો અને તેમની રોજગારી પર થાય. ધંધાનું સાધન એક માત્ર મુખ્ય વ્યવસાય ખેતી અને ગૌણ વ્યવસાય પશુપાલન. ખેતીમાં ખર્ચ વધે અને ઉત્પાદન ઓછું આવે અને ગૌણ રોજગારી જેવી કે પશુપાલન, શાકભાજી એમાં પણ પશુને લીલુ ઘાસ ન મળવાથી અને શાકભાજીને પાણી ન મળવાથી ઉત્પાદન ઓછું થઇ જાય છે જેની અસર બહેનોની આવક ઉપર પડે એટલે આરોગ્ય ઉપર પડે છે. ઓછી આવકની સામે ખર્ચ તો વધે જ છે અને પોષણયુક્ત ખોરાક લઇ શકતો નથી તેથી કુપોષણ, ડાયેરિયા, અને હાર્ટ એટેક જેવી બીમારી બાળકો અને પુખ્ત વયના સભ્ય પર આવે છે.

હિટવેવથી બચવા માટે સેવાના આગેવાન બહેનોને શિક્ષણ અને સમજ, પ્રતિનિધિ મિલન અને ધંધા સમિતિમાં આપ્યાં. દરેક બચત મંડળોમાં, ખેતીના ગ્રુપોમાં સમજ આપી તેમજ ઘરે-ઘરે જઈને આરોગ્યની સેવા આપી, કેમ્પો કરાવ્યા, ૪૨ ડીગ્રી તાપમાન થાય ત્યારે ત્રણથી પાંચ દિવસની રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કર્યા. આકરી ગરમી સામે શું પગલાં લેવા તે સમજ્યા અને સમજાવ્યા. પતરા અને ધાબા વાળા ઘરોમાં છત ઉપર ઘાસ પાથરીને રાખવાની સમજ આપી. તેમજ વર્ષના ૧૨ મહિના બહેનોને આવક મળે એવી સલામત ખેતી વિશે અને ટૂંકાગાળાના પાકોનું વાવેતર કરી, ફળાઉ વૃક્ષો વાવી બહેનોની રોજગારી સલામત રહે તેવા પ્રયત્નો કર્યા. પશુની માવજત, કિચન ગાર્ડનીંગ અને પાણી બચાવ કરવાની સમજ આપી.

**- છોટાઉદેપુર જિલ્લો**

## તાપ વધુ... ઉત્પાદન ઓછું...

સુરેન્દ્રનગર જિલ્લામાં ખેતીમાં ઉનાળામાં વાવેતર તલ, બાજરી, ગુવાર, પશુઓ માટે ઘાસચારાનું વાવેતર કરે છે. ગરમી વધારે પડે તેના કારણે પહેલા પાંચ વાર પાણી આપવું પડતું હતું. ગરમી વધારે પડવાથી ત્રણ વાર પાણી વધારે આપવું પડે છે. પહેલા આઠ દિવસે પાણી આપતા હતા. હવે પાંચ દિવસે પાણી આપવું પડે છે. એક વાર એક એકરમાં પાણીનો ખર્ચ રૂપિયા ૧૦૦૦ થાય છે. તો ત્રણ વાર પાણી વધારે આપે તો રૂપિયા ૩૦૦૦ એક એકરે ખર્ચ વધે છે. બેનોની રોજગારી ૫૦% થી ૬૦% ઘટી ગઈ. ૪૨૨૮ હિટવેવના વિમા લીધા છે. ૧૨૨૮ ખેતી કરતા બેનોના વિમા લીધા છે. આ સાથે સુરેન્દ્રનગર જિલ્લા મીઠાકામમાં રોજગારી પર અસર છે, ઉત્પાદન ઓછું છે. ઉત્પાદનના નુકસાનના ટેકાભાવ સરકાર આપે તો ?

ગરમીને કારણે મીઠામાં ઉત્પાદન ઘટી ગયું છે. ગરમી વધારે પડે છે. તેના કારણે પાણીના તળ ઉંડા જતા રહ્યા અને ગરમી જેમ વધારે પડે તેના કારણે મીઠું વધારે થાય પણ પાણીના તળ ઉંડા જતા રહેતા મીઠાનું ઉત્પાદન ૮૦થી ૯૦ ટન ઘટી ગયું છે. પહેલા ૬૦૦ ટન થતું હતું તેના બદલે ૫૦૦ ટન થયું. આવક રૂપિયા ૩૬,૦૦૦થી ૪૦,૦૦૦ ઓછી થઇ કેમ કે, પાટામાં પુરતું પાણી ના મળવાથી વહેલા બંધ કરી દેવા પડે તેના કારણે મીઠાનું ઉત્પાદન ઓછું થયું છે. બીજું ગરમી વધારે પડવાથી બહેનો દિવસે કામ કરી શકતા નથી. સવારે વહેલા અને રાત્રે મોડા સુધી કામ

Reg. No. : S12446

# શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.

૧૦૯, સાકાર-૨, ટાઉન હોલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : ૦૭૯-૨૬૫૯૧૬૫૨, ૦૭૯-૨૬૫૮૧૫૯૭, ઈ-મેલ : mail@sewabank.com

વેબ સાઈટ : www.sewabank.com



કરવું પડે છે. દિવસના ઘરમાં ટળવળવાનું. તેમાં દિવસે એટલો બધો તાપ પડે છે. તેના કારણે તાવ, ડાયેરિયા, લુ, ચામડીના રોગો, માથાનો દુખાવો વધારે થાય છે. બીમારી અને પાણી પુરતું ના મળવાથી વહેલા પાટા બંધ કરી દેવા પડે છે. તેના કારણે રોજગારી ઘટી ગઈ છે. તેમજ આવક ઓછી થઇ છે. ગરમીના કારણે મીઠામાં નુકશાન થાય છે. ૩૦૦૦ મીઠું પકવતા બેનોના વિમા લીધા છે પરંતુ પાકશે નહીં તો?

**- સુરેન્દ્રનગર જિલ્લો**

❑

## વેસ્ટ રિસાયકલર્સની આકરી ગરમી સામે લડત

હિટવવેના કારણે બહેનો વધારે પડતા તડકા અને ગરમીના કારણે વીણવા જઈ શકતા નથી. જે વીણીને લાવે છે તે બપોરે સોર્ટીંગ નથી કરી શકતી. સોર્ટીંગ કરે તે ભરવા જગ્યા નથી. ભરે તો ગરમીથી ભડકે બળી જાય તો ? બહેનોના કામના કલાક ઘટી જાય છે. બહેનો વેસ્ટ ઓછો લાવે તો પૈસા ઓછા મળે એટલે આવક ઘટી જાય. બહેનોની આવક ઘટવાથી બાળકોના પોષણ પર અને ભણતર પર પણ અસર પડે છે. બચત ઘટે. લોન ન ભરાય. બહેનોને ખોરાકમાં પણ કરકસર કરવી પડે છે અને અમુક સમય તો બહેનોને વ્યાજ પર પણ પૈસા લેવા પડે.

ડમ્પસાઇડની વાત કરીએ તો, બહેનો જમવાનું સાથે લઇ જાય છે અને ડમ્પસાઇડ પર તો ઉપર ખુલ્લુ આકાશ. તેની ગરમી અને તપેલી જમીન. બેવડો તાપ. આટલી ગરમી હોવાથી વેસ્ટ રિસાયકલર બહેનોનો ખોરાક બગડી જતો હોય છે. તો પણ બહેનો ત્યાં બગડેલો ખોરાક પણ ખાઇ લેતા હોય છે અને આવો ખોરાક ખાવાથી તેમને ઝાડા-ઉલટી પણ થઇ જાય છે. વધારે પડતી ગરમીમાં તેમને લૂ લાગે છે. વળી, બહેનોને આ ઓછું પાણી પીવાથી ડીહાઇડ્રેશન થઇ જતું હોય છે. ચામડીનાં ઈન્ફેક્શન પણ થાય છે. ચક્કર આવે અને આંખોમાં બળતરા થાય છે. ચામડી તતડે. પગ બળે. આંગળા જકડાઈ જાય. નખ સૂકાઈ જાય. વાળ લૂખ્ખા થઈ જાય. કાનની કોર બળે. નાંકનું ટેરવું શેકાઈ જાય.

અમુક વાર બહેનોને પીવાનું પુરતું પાણી પણ મળતું નથી. બહેનો ગમે ત્યાંથી પણ પી લેતા હોય છે. આપણી સેવાના આગેવાન બહેનો સભ્ય બહેનોને સાચી સમજણ આપે છે. બહેનોને ગરમીથી બચવાના ઉપાયો બતાવે છે. બહેનોને વધારે ગરમીમાં બહાર જવાની ના પાડે છે. બહેનોને સવારે વહેલા ઉઠીને વીણવા જવાની સલાહ આપે છે. સાંજે સોર્ટીંગ કરવાનું કહે છે. લીંબુ પાણી અને જ્યુસ અને ફળ ખાવાની સલાહ આપે છે. જે દિવસે તાપમાન વધારે હોય એ સમયે બહાર જવાનું ટાળે. માટલાનું પાણી ગરમ થઈ જતું હોય તો માટલા ઉપર સુતરાઉ કાપડ બાંધવાની બહેનોને માહિતી આપે છે. ગરમી કહે તને ગરીબ કરું, ગરીબ કહે શહેર ટાઢક કરું.

**- અલ્પા**

❑

## જ્યાં જાવ ત્યાં તડકો

માથોડા કામદારોની વાત કરીએ તો, ૪૦થી ૪૫ ડીગ્રી ગરમીમાં પણ મોડા સુધી કામ કરવું પડે. જો અમે થોડા મોડા પડીએ તો માલિકો પોર્ટલવાળા ભાઇઓ પાસે પાર્સલ ભરાવી દે છે. આવી ગરમીમાં તબિયત સારી ન હોય તો પણ આવવું જ પડે. થોડા મોડા આવીએ તો પણ અમારું કામ બીજા કરી જાય છે. અને 'રજા' તો પોસાય જ નહી! બીજા મજૂરો કે પોર્ટલવાળા ઘૂસી જાય અને અમે બધુ જ ગુમાવીએ. ગરમીના કારણે અમારા સાધનો તડકામાં પડયા રહે તેથી ગરમ થાય, હવા નીકળી જાય, પંચર પડે, ટાયર ફાટી જાય હજુ તો દહાડો ભરાયો 'ના' હોય ત્યાં આવો ખર્ચ ઓચિંતો આવી જાય. સમયસર માલ પહોંચાડવા માટે તાત્કાલિક આ કામ કરાવવું પડે. માથોડા કામદાર બહેનોને જ્યાં જાય ત્યાં તડકો. ઘરે તડકો. રસ્તે તડકો. દુકાને તડકો. ગોડાઉનમાં તડકો.

અમારા ટીફીન લાવીએ અને કામ વધારે હોય ત્યારે થોડા મોડા જમીએ તો ખાવાનું બગડી જાય એટલે ફેંકી દેવું પડે છે. છેવટે ભૂખના માર્યા ચા ને પડીકા ખાવા પડે. શરીરમાં કમજોરી આવી જાય. ગરમીના કારણે માથુ દુઃખે, રોડ તપેલા હોય તેથી પગ બળે, બેસવાની જગ્યા ના હોય, આંખે અંધારા આવે, ચક્કર આવે, ઝાડા-ઊલટી થાય તેથી પ્રાઇવેટમાંથી દવા-ગોળી લાવીએ તેનો ખર્ચ થાય. બાળકોને ક્યાં મૂકીએ? કોઇ રાખવાવાળું નથી, તેથી અમારી સાથે લાવીએ જેવી અમારી હાલત થાય તેવી બાળકોની થાય. પુરતા પૈસા હોતા નથી તેથી બાળકોનું ધ્યાન રાખી શકતા નથી. અમારી સાથે આમથી તેમ મૂકીએ. હીટવેવથી બચવા અમે છાંયડો હોય ત્યાં બેસીએ.

**- કૈલાસ**

મન્સૂરી અનિષાબાનુ જેઓ કાપડ પર નંગ લગાવવાનું કામ કરે છે. તેઓ કહે, ગરમી વધુ હોવાથી અમે કામ ઓછું કરીએ છીએ. કારણ કે વધુ ગરમી પડવાથી ઘરમાં બેસાતું નથી. સવારે ૧૦થી ૧૨ વાગ્યા સુધી જેટલું કામ થાય તેટલું કરી લઈએ છીએ. ગરમીમાં કામ ઓછું થાય છે સામે આવક ઘટી જાય. ગરમીની સીધી અસર શરીર અને કામ પર થાય છે. ગરમીમાં બપોરે કામ થઇ ગયું હોય તોપણ વધારે ગરમીના કારણે માલ લેવા જવા માટે જઈ શકાતું નથી કે ઠેકેદાર માલ આપવા માટે આવતા પણ નથી તેના કારણે પણ બેસી રહેવું પડે છે. એક નંગ પાકીટમાં બે રૂપિયા મળે છે. હાલમાં આખા દિવસમાં ૧૦ નંગ થાય છે. વધારે ગરમી હોય ત્યારે સવારે જેટલું થાય તેટલું કરી લઈએ છીએ. બપોરે તો ગરમીના કારણે કામ ખૂબ જ ઓછું થઈ જાય છે. પછી સાંજે ૪ વાગ્યાથી રાતના ૯ થી ૧૦ વાગ્યા સુધી કામ કરવું પડે છે. જો આ સમય દરમિયાન કામ ન કરીએ તો પૈસા ક્યાંથી મળે? આવું થાય છે કે વધારે ગરમીના કારણે જે કામ બપોરે થતું નથી. એ કામ રાતના સમયે ખેંચવું પડે. નંગ લગાડવા માટે ફેવિકોલનો ઉપયોગ થાય છે જે વધારે ગરમી પડવાના કારણે ઓગળી જાય છે. ક્યારેક તો નરમ પડી જવાના કારણે કાપડ ઉપર જવું એને મૂકવામાં આવે તો એ કાપડ ઉપર ફેલાઈ જાય છે અને નંગ ચોટતા પણ નથી ઉખડી જાય છે. જ્યારે ખૂબ જ વધારે ગરમી પડે ત્યારે આવું બને છે.

વધારે ગરમી પડવાથી નળ અને બોરમાં પાણી ખૂબ ઓછું આવે છે. પહેલા અમારે ત્યાં ૧૨:૩૦ વાગે પાણી આવતું હતું અને હાલ એક થી દોઢની વચ્ચે પાણી આવે છે અને એ પણ પહેલા જેટલું આવતું નથી બોરમાં પણ ગરમીનાં કારણે પાણી ઉતરી જવાથી એમાં પણ ખૂબ ઓછું પાણી આવે છે. અમુક વખતે તો આવતું પણ નથી અને જો આવે તો ગંદુ પાણી આવે છે. કેટલી વાર તો પાણી બંધ થઈ જાય છે. આકરી ગરમી, ઓછું પાણી.

હવે વાત કરીએ, સિલાઈકામની. હિટવેવથી અમારી રોજગારી પર સીધી અસર થાય છે. અમારાથી માલ સીવાતો નથી. વધુ ટાઈમ સુધી મશીન પર બેસી શકાતુ નથી. આવક ઘટી જાય છે. હમ થોડા માલ સુબહા કો સિલતે હે ઓર કુછ માલ રાત કો સીલતે હૈ. સિલાઈ કરતી વખતે મશીન ગરમ હો જાતી હૈ. જ્યાદા ગરમી કે કારણ મોટર ભી જલ જાતી હૈ. યા તો ટુટ જાતી હૈ. ગરમી મેં હમસે ખાના નહી ખાયા જાતા. કભી કભી ખાના ભી ખરાબ હો જાતા હૈ. ગરમીથી બચવા માટે અમે બધા બહેનો ઘર આંગણે પાણી છાંટીએ છીએ. ઘરના બારી બારણા પર પડદા તથા ગ્રીનનેટ નાખીએ છીએ અને તેના પર પાણી નાખીએ છીએ જેથી ગરમી ઓછી લાગે. ગરમીમાં લાઈટ જતી રહે છે તો બપોરના સમયે રહેવું મુશ્કેલ પડે અને અમારું સિલાઈ કામ પણ અટકે છે.

હિટવેવથી બચવા અમે બેનુને જાગૃત કરીએ છીએ. તેમને વધુ પાણી પીવા માટે કહીએ છીએ. તડકામાં નીકળતી વખતે દુપટ્ટા બાંધવા કહીએ છીએ. બહેનોને ગ્લુકોઝ જેવા પીણા પીવા કહીએ છીએ. બહેનોને ઘર આંગણે છોડવા વાવવા કહીએ છીએ. બહેનોને હલકા ખોરાક લેવાની સમજ આપીએ છીએ. આકરામાં આકરી ગરમી અમદાવાદમાં.

**- ગીતા પરમાર**

## ગરમી વધે ધંધો ઘટે

હિટવેવની વેચનાર સભ્યો પર તેમજ તેમના ધંધા પર થતી અસરોની વાત કરીએ તો, દાણાપીઠ-માણેકચોક તેમજ ચમનપુરા વિસ્તારમાં શાકભાજી, ફળ તેમજ ઇડલી-સંભાર વેચતા આપણા સભ્યો ઉકળાટથી વાત કરવા લાગ્યા. મારો ધંધો બંધ. મારી આવક ઓછી. મારી બચત નથી થઈ. મારી લોન નથી ભરાઈ. સફાઈ કામદાર સભ્ય બહેન કહે કે અમારે કામના કલાક ઘટે છે, આવક ઘટે છે, બચત ઘટે છે, અને ગરમી વધે છે. માણેકચોકમાં ચીકુ વેચતા ચંપાબહેન વિજયભાઇ પટણીને કહેવા માંડયા કે, ગરમી પડે એટલે થોડો માલ લાવીએ જેથી જલ્દી વેચાઇ જાય અને માલ બગડે નહી. પરંતુ તેનાથી એમની આવકમાં ઘટાડો થઇ જાય છે. તડકામાં બેસીને ધંધો કરવાથી તાવ આવે માથું દુઃખે ચક્કર આવે. માલ બગડે છે.

ફળ વેચનાર મગનભાઇ અસલાજી પ્રજાપતિ ત્યાં જ ઉભા હતાં તેમણે ઉમેર્યુ કે, સફરજન અત્યારે સ્ટોરેજમાં મુકેલા આવે છે તે તડકામાં કાળા પડી જાય. મોસંબી, નારંગી તેમજ દાડમ જેવાં ફળ સુકાઇ જાય તેથી ઓછા ભાવે પણ વેચી દેવા પડે. તેથી આવકમાં ઘટાડો થાય. કેરીનો ભાવ હાલમાં ઉંચો હોવાથી ગ્રાહક તે ભાવે ખરીદે નહી આથી બે દિવસ ગરમીમાં કેરી ચીમળાઇ જાય.

લસણવાળા ચંદાબહેન કહે કે, અમારું લસણ તડકામાં મરી જાય. એમને પોતાને અચાનક બજારમાં ઝાડા-ઉલટી થઇ ગયા હતા તો તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડયા. સાવરણી વેચતા

બહેનોને ગલીએ ગલીએ વેચાણ માટે જવાનું ફાવતું નથી. માથે ગરમી પડે છે. પગ બળે છે.

દાણાપીઠના શાકભાજી વેચનાર બેનો કહે કે, અમારી મોંઘાભાવની શાકભાજી આ ગરમીમાં તડકાને લીધે ખરાબ થઇ જાય છે અને આ ગરમીમાં ગ્રાહકો પણ આવતાં નથી તેથી માલ બે-ત્રણ દિવસ સુધી વેચાતો નથી અને મૂડી તૂટે છે. ફાલસા, ગોરસઆંબલી જેવાં ફળ તડકાને લીધે સુકાઇ જાય છે. મેઘાણીનગર, શાંતિનગરમાં રહેતા સુલોચનાબહેન ઇડલીનો ધંધો કરે છે. ગરમીમાં ઇડલી સંભાર સવારે વહેલા બનાવેલા હોવાથી ગરમીને લીધે બગડી જાય છે. એટલે અત્યારે ધંધો કરતાં નથી.

શાકભાજી વાળા સભ્યબેનો કહે, અત્યારે ઉનાળામાં બજારમાં શાક મોંઘા હોય. વેકેશનને લીધે ઘરાકી ઓછી હોય અને શાક પડી રહે તો અમારે ગમે તે ભાવે વેચી દેવુ પડે, તેથી અમારે મૂડી માટે વ્યાજે પૈસા લાવવા પડે.

**- ચંપા, સવિતા**

## ભદ્રની ભડકે બળતી ગરમી

ગરમીનું ઉંચું તાપમાન એટલે હિટવેવ. આકરી ગરમી આરોગ્ય, રોજગારી, બાળકો અને પ્રાથમિક સુવિધાઓને ખોરવી નાંખે છે. આનાથી બચવા આપણે જાતે જ ઉપાયો શોધવા પડે. આપણા આગેવાનો કહે, છેલ્લા ૧૦૦ વર્ષમાં ક્યારેય આટલી ગરમી પડી નથી અને છેલ્લા ૩થી ૪ વર્ષમાં ગરમીએ તેનો રેકોર્ડ તોડયો છે. ભદ્ર સ્વાભાવિક બજારમાં વેચનારા ૫૦ વર્ષથી વેચવાનું કામ કરે છે. અહી જીવન જીરૂરિયાતની અને કટલરી, ઇમીટેશન, બેગ, પર્સ, બંગડી, ચાંદલા, ચપ્પલ, રૂમાલ, કપડાં વગેરે જેવી વસ્તુઓ વેચી આ વેચનારા પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે. સભ્યો જણાવે છે કે, વાતાવરણમાં બદલાવ થઇ રહ્યો છે જેની અસર અમારા ધંધાને રોજગાર પર પડે છે.

ચમનપુરા વિસ્તારમાં રહેતા કોકિલાબહેન પટણી કહે, ભદ્રમાં ૧૫ વર્ષથી ગોળી, ચોકલેટ, મુખવાસ વેચું છું. વધારે ગરમીને લીધે અમારો માલ બગડી જાય. આંબલીમાં પાણી વળે તેથી ખટાશ વધી જાય છે. છત્રી ઉપર ચાદર લગાવી બેસીએ તો પણ ગરમી લાગે. ફાલસા કરમાઇ જાય એટલે બીજે દિવસે ફેંકી દેવા પડે. ગરમી ધંધામાં મંદી લાવે. ઘરાકી ઓછી થઇ જાય જેમ કે, ફાલસા અમે ૪ કિલો રૂ. ૧૫૦ થી ૨૦૦ ના ભાવે લાવીએ ના વેચાય તો રૂ. ૧૦૦ થી ૧૫૦ની ખોટ ખાઇને ધંધો કરીએ છીએ.

૨૦ વર્ષથી ભદ્રમાં કટલરી, ઇમીટેશન જવેલરી વેચવાનું કામ કરતાં હલીમાબાનુ કહે, વધારે તાપથી માલ કાળો થઇ જાય, કલર ઉડી જાય, બીજી સીઝનમાં રૂ. ૮૦૦થી ૧૦૦૦ રોજના કમાય પણ ગરમીમાં આવક ઘટી જાય છે માંડ રૂ. ૩૦૦થી ૫૦૦ મળે. ઘરાક વધારે ગરમી હોય તો ઉભા ના રહે જતાં રહે.

સંગીતાબેન કહે, ગરમી ખૂબ છે બાળકોને ઘરમાં કોઇ રાખનાર નથી, ઘર પતરાવાળું છે ખૂબ ગરમી લાગે. સ્કૂલમાં વેકેશન હોવાથી બાળકને ધંધા પર લઇને આવીએ પણ નીચે કપડું પાથરીને સુવડાવીએ. આ સિઝનમાં બીમાર પડીએ અને જો દાખલ કરવા પડે તો રૂ. ૨૦૦૦થી ૪૦૦૦ ખર્ચો થઇ જાય. બાળવિકાસ અટકે છે.

શોભાબહેન કહે, હું ૩૦ વર્ષથી ભદ્રમાં તોરણ, લટકણીયા અને ઝુમર વેચું છું. આ તાપમાં સવારે ૧૧ વાગ્યાથી બેઠી છું આ બે વાગ્યા માંડ રૂ. ૧૦૦નો ધંધો થયો છે. ઘર કેમનું ચલાવવું અને ખાવું શું તે ખબર પડતી નથી. માલનો તો તાપને લીધે કલર ઉડી જાય. ને વળી, ધંધામાં તો ખોટ જાય. પણ માંદા પડીએ એ નફામાં, ગરમીમાં ચક્કર, ઝાડા-ઊલટી, તાવ આવે. ગ્રાહકો સાથે વાત કરવાના ય હોશ ના હોય. ઉનાળામાં આવક ઘટી ૫૦% થઇ જાય. અમારા રામોલ વિસ્તારમાં તો પાણી અને ગટરનો પ્રશ્ન રોજનો છે. ગરમીમાં પરસેવાને લીધે નહાવું પડે બે ટાઇમ. પાણીના ફાંફા છે રોજે રોજ. ગટરલાઇન નથી. ગરમીના લીધે ખાળકૂવા ઉભરાય. ગંદકી થાય. બિમારી ફેલાય. ઘરમાં બાળકોનું વેકેશન એટલે વીજળી ઠંડા પાણીનો વપરાશ વધે અને પછી બીલ આવે.

ભદ્રમાં બેગ વેચનારાઓ કહે, સવારે ઠંડા પહોરમાં થોડા ઘણા ગ્રાહક આવે પછી બપોરે ૧થી ૫ સાવ મંદી. ગરમીમાં ૩૦% થી ૪૦% આવક ઘટી જાય. વધારે ગરમીને લીધે બેગ, પર્સ અને થેલાનો કલર ઉડી જાય. માલ ગરમ થઇ જાય. પ્લાસ્ટીક બેગ હોય તેથી માલ રબ્બર જેવું નરમ પડી જાય. ગયાં વર્ષે મેં ગરમીથી બચવા કોર્પોરેટરના બજેટમાંથી આગેવાની લઇ લાલદરવાજા જિલ્લા પંચાયત, ભદ્ર ફૂટપાથ, ભદ્ર કિલ્લા, મસ્જિદ, ગુજરાત ક્લબ બધી જગ્યાએ ૩૦૦ જેટલા ઝાડ વાવેલા. આવતાં જતાં તેમનું ધ્યાન રાખું. સમયાંતરે તેમને ખાતર, પાણી મળે તે જોઉં છું. જેથી કરી રસ્તામાં આવનાર-જનારને ઠંડો છાયો મળે. હાલમાં

૭૦% થી ૭૫% ઝાડ ઉગી ગયા છે. તે જોઇને ખૂબ આનંદ થાય છે. આપણા વાતાવરણને સ્વચ્છ રાખવા આપણે આટલું તો કરી જ શકીએ ને.

દેવીબહેન ધાંધળીયા જણાવે છે કે, તે ભદ્ર બજારમાં ૨૫ વર્ષથી ઘડિયાળ, ફોટો ફ્રેમ વેચે છે. વધારે ગરમી પડવાથી ફ્રેમનો શેપ બદલાય જાય, ઘડિયાળના કાચ તરડાઇ જાય. ફ્રેમના કલર ઉડી જાય. આવી એક ફ્રેમ રૂ. ૨૦૦થી ૨૫૦ની હોય. ગરમીની સીઝનમાં રૂ. ૨૦૦૦ થી ૩૦૦૦નું નુકશાન થાય. આ શેપ બદલાઇ ગયેલો સામાન કોઇ લે જ નહી તેથી નુકશાન પુરેપુરું આપણા માથે આવે.

ત્યાં જ ઉભેલાં ભુરાભાઇ કહે, બેન અમારે તો બંગડીઓ ધંધો ખાલની બંગડીમાં લાખ ગરમીના લીધે ઢીલું પડે અને નંગ નીકળી જાય, ગોલ્ડન માલ કાળો પડી જાય, કલર ઉડી જાય, પડદા અને છત્રી રાખીએ તો પણ નુકસાન તો થાય જ.

સેવાના આગેવાન બહેનો વિસ્તારમાં સભ્યોને નાની મિટીંગો દ્વારા અને બજારોમાં બજાર કમિટી દ્વારા આ માહિતી સભ્યો સુધી લઇ જાય છે. વિસ્તારોમાં ખાસ વૃક્ષારોપણ કરવા સભ્યોને તાલીમ આપે છે. જેથી કરી આપણે 'સ્વચ્છ આકાશ'ની ચળવળ ભણી એક ડગલું આગળ વધીએ.

**- ગીતા કોષ્ટી**

❑

## સેવા સમાચાર

### ભાવ વધારો

ઘરખાતા કામદારોની ધંધા સમિતિ થઇ જેમાં, આગેવાન નૂરબીબી મન્સુરી જે ચોક્સીની ચાલી, ગોમતીપુરથી આવ્યા અને ધંધાના મુદ્દા પર ચર્ચા કરી હતી. ત્યારે નૂરબીબી તેમની ચાલી અને વિસ્તારની રજૂઆત કરી. તેમને ત્યાં ચણીયા સીવવાનું કામ ચાલે છે. બહેન પોતે ચણીયા સીવે છે. ચણીયામાં નેફા લગાડવાનું કામ કરે છે. જ્યારે સીઝનમાં માલ સારો આવે એટલે બેનોએ કહ્યું એમને ભાવ વધારો કરી આપો તો તેમણે રૂ. ૨ નો વધારો થયો એવા ૩૦ બેનોનો કામની રોજીનો ભાવ વધારો થયો.

❑

## શ્રદ્ધાંજલિ



નીરુપમાબહેન યશવંતરાય મહેતા, ૧૯૮૧થી બાલ સેવા સંગિની મંડળીની શરૂઆતથી મંડળી સાથે જોડાયેલા હતા અને ત્યારથી સંગિની મંડળીના શાહપુર કે શંકરભુવન વિસ્તારના કેન્દ્રના બાલસેવિકા બેન તરીકે જોડાયેલા હતા.

શંકરભુવનમાં બાલસેવિકા તરીકે તેમનો ફાળો ખૂબ જ અગત્યનો રહ્યો છે. તેઓ બાળકો સાથે બાળકોની વચ્ચે રહીને અલગ અલગ પ્રવૃતિ કરાવતા ત્યારે, બાળકોની વચ્ચે બહેન ક્યાં છે તે ખબર જ ના પડે. પરસ્પર શીખે. આમ વાલીઓ સાથે પણ સુંદર રીતે બાળકોનો વિકાસ ઘરે પણ કેવી રીતે કરવો તે સમજાવતા હતા. આજ વિસ્તારના બહેનોમાંથી ધનલક્ષ્મીબહેન જેવાં બાલસેવિકા બેનને પણ મજબૂત કર્યા અને તેઓ બાપુનગર-ખોડિયારનગર વિસ્તારમાં રહેતાં હતા. ત્યાં પણ, તેમને એ વિસ્તારને વિકસાવ્યો. ત્યાં પણ વાલીઓ સાથે તેઓ સારી રીતે કામ કરતાં હતા. તેમના જ કેન્દ્રના બાલસેવિકા બહેન બહુ જ શરમાળ હતા. બહાર પણ નીકળ્યા નહોતા. લાલદરવાજા પણ જોયું નહોતું. તેમને પણ નીરુપમાબહેને તૈયાર કર્યા.

કેન્દ્રમાં બાળકો માટે પૌઆનો નાસ્તો જાતે જ બનાવતાં. જેમાંથી પ્રોટીન કે કેલેરી મળી રહે. તે રીતે બનાવતા હતા. જેમ કે, ઢોકળા, ઇદડા, ફાડા-લાપસી, સુખડી, ફણગાવેલા મગ, બાફેલા ચણા, મગફાડાની ખીચડી, ઉપમા અને પૌઆ વગેરે. તેમનો નાસ્તો સૌને ભાવે. પૌષ્ટિક. સ્વાદિષ્ટ.

નીરુપમાબેન સંગિની મંડળીની કારોબારીમાં સભ્ય તરીકે પણ જોડાયેલા હતા. મંડળીની મિટીંગમાં પણ તેઓ સલાહ સૂચન

આપતાં હતા. સંગિની મંડળીને પગભર કરવામાં તેમનો ફાળો અગત્યનો હતો.

નિવૃત થયા પછી પણ અવાર-નવાર મંડળીને મદદ કરતાં હતા. આમ, આવા લાગણીશીલ બહેન આપણી વચ્ચેથી અચાનક જતાં રહેશે તેવી કલ્પના પણ નહોતી. તા.૩/૪/૨૦૨૪ના રોજ ટૂંકી માંદગીમાં નીરુપમાબેનનું અવસાન થયું. સ્વર્ગમાં પણ બાળકોની દેખભાળ અને સેવા કરતા હશે ?

સંગિની મંડળીને તેમની ખોટ કાયમ માટે પડશે. પરંતુ સંગિની મંડળી તેમને ક્યારેય ભુલશે કહી હર હંમેશ યાદ કરશે.

પ્રભુ તેમના દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

''શ્રદ્ધાંના ઘા કદી રૂઝાશે નહી મૃત્યુના આસુ કદી શુકાશે નહીં.''

તમે અમારા અંધકારમય જીવનમાં દિવ્ય જ્યોત ફેલાવીને અનંતની સફરે નીકળી પડયા છો. અમારા વંદન.

''સમય તો વીતતો જશે પણ યાદ આપની અકબંધ રહેશે.''

**- પદ્મા, વસુ**



સાબરકાંઠા જિલ્લા (અરવલ્લી)માં સંગઠક તરીકે ૧૯૯૭થી જોડાયેલ રૂપાબેન રાઠોડનું ટૂંકી માંદગીમાં તારીખ ૧૩/૦૪/૨૦૨૪ના રોજ અવસાન થયું છે. હંમેશા સંગઠનના સભ્યોને પૂર્ણ રોજગાર અને સ્વાવલંબન તરફ જાય તે માટેના અથાગ પ્રયત્નો કરતા રૂપાબેન આપણી વચ્ચે નથી, તે માટે ''સ્વાશ્રયી મહિલા ખેડૂ મંડળ''ના બહેનો અને સેવાના બેનો ખૂબ જ દુઃખની લાગણી વ્યક્ત કરે છે.

મંડળની શરૂઆતથી જ રૂપાબેન ઓફિસની દેખરેખ માટેની વહીવટી કામગીરી સંભાળતા હતા. વહીવટની સાથે સાથે રસોડામાં રસોઈ બનાવી આવનાર બહેનોને જમાડતા, તેમની સાથે રાત્રી રોકાણ પણ કરતા હતા. ત્યારબાદ સભ્ય શિક્ષણની તાલીમ લીધી. તાલીમના ટીમ લીડર તરીકે તૈયાર થયા. કોઈપણ કામ ઉત્સાહથી સ્વીકારતા હતા. હાલમાં સંકલિત અભિગમથી કામ કરતા હતા.

હોસ્પિટલમાં જતા પહેલા પણ એ જ દિવસે સવારે કામલી ગામમાં જઈ સેવાના સભ્યોને હિટવેવની સામે રક્ષણ મળે એ માટે મિટીંગ કરી સભ્યોની યાદી લાવ્યા હતા. એ દિવસે પણ ચિંતા કે મારા ગામના સભ્યો વંચિત ના રહેવા જોઈએ. હાલમાં જિલ્લામાં પ્રિસિસન પંપ ઈન્સ્ટોલેશનની કામગીરી ચાલે છે, તેમાં પણ ૧૧ તારીખે ગામમાં જઈને પ્રિશિસન પંપ ઈન્સ્ટોલેશન કરાવ્યો. ૪:૦૦ વાગે હોસ્પિટલમાં દાખલ થતા પહેલા ૨:૦૦ વાગે ફોન કરીને પૂછે છે, આજે ત્રણ ગામડે નથી જઈ શકી પણ મારા સભ્યોના નામની એન્ટ્રી કરીને? મારા સભ્યો રહી ના જાય હો! ગરીબ બહેનો તેમના હૈયે વસી. બીજાનો વિચાર પહેલાં કરે.

ટીમ સાંજે દવાખાને ખબર કાઢવા જાય છે, રૂપાબેનને I.C.U.માં બહુ વોમીટ અને ડાયરિયા થવાથી શરીરમાં પાણી ઘટી ગયું હતું. ૧૩ તારીખે વહેલી સવારે સમાચાર આવ્યા રૂપાબેન આપણી વચ્ચે નથી. બહુ આઘાત લાગ્યો દુઃખ થયું. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ સેવા સંગઠનની પ્રાર્થના. જ્યાં હશે ત્યાં ગરીબ બહેનોને મદદ કરતા હશે. સ્વર્ગમાં પણ પાણીની તંગી પડશે તો પંપ ઈન્સ્ટોલેશન કરી ગરીબ બહેનોની તરસ છીપાવશે.

**- નૈમિષા**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
22-4, 6-5-24

## અનસૂયા

- ૪૨માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા**

22-4, 6-5-24

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]